સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ધનિકોનાં દુષ્કર્મોથી બેન્કો બિચારી થઈ ગઈ!
નફ્ફટ નેતાઓ ના દબાણે લાચારી થઈ ગઈ!
હતો રોફ, એક નંબરી ભ્રષ્ટાચારી થઈ ગઈ,
લુંટાયું આબરૂનું ધન, ને પીડિતા થઈ ગઈ.

હાઈકુ

પવિત્ર રેવા
ભ્રષ્ટાચારના નાથે -
સૂકાઈ ગયાં ?!

વટાવી ખાધું
પ્રચાર નું સાધન
નર્મદા જળ!

ચિંતન

**દેશકાળકાર્યવશેન ત્વેકેન સહદ્વાભ્યામેકો
વા યથાસામર્થ્ય મન્ત્રયેત્ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

દેશકાળ તથા કાર્યની સ્થિતિ મુજબ એક અથવા બે મંત્રીઓ સાથે પણ મંત્રણા થઈ શકે છે. ઘણા નિર્ણયો રાજા એકલા પણ વિચારીને લઈ શકે છે.

ચાણક્યના મત પ્રમાણે એક કે બે મંત્રી સાથે પણ મંત્રણા યોજી જ શકાય. કાર્યની ગંભીરતા અને જરૂરિયાત પ્રમાણે મંત્રણાના સભ્યોની સંખ્યા નિશ્ચિત થઈ શકે.

રાજાએ જયાં સુધી પોતે સ્પષ્ટ હોય એન પોતાનાથી કામ પતતું હોય ત્યાં સુધી જાતે જ નિર્ણય લેવો. કામ જરાક સંદિગ્ધ હોય, પોતે અસમંજશમાં હોય, જેમાં એકલાનો નિર્ણય જોખમી સાબિત થાય એવી હોય ત્યારે રાજાએ પોતાના પ્રધાનની સલાહ લેવી જોઈએ. બે જ જણથી નિર્ણય ન લેવાતો હોય તો જ અન્ય મંત્રીઓની સલાહ લેવી.

સુવિચાર

- સાચો જ્ઞાની વાદવિવાદ કરતો નથી, વાદવિવાદ પણ અજ્ઞાનતાની જ અવસ્થા ગણાય છે ? - **કબીર**
- જયાં સુધી આપણે પોતે નિરપરાધી ન હોઈએ ત્યાં સુધી બીજાઓ પર સફળતાપૂર્વક આક્ષેપ કરી શકતા નથી - **સરદાર પટેલ**
- અનુભવ એ જ શાસ્ત્ર - **કાંતિ ભટ્ટ**
- હું 'કાય-સ્થ' છું. 'દેહસ્થ' પણ છું જ, પરંતુ સૌથી સાચું તો એ છે કે હું 'સ્વસ્થ' છું - **વિનોબા**
- 'વર્તન વાતું કરશે' તમારો આચાર જોઈ લોકો પ્રભાવિત થશે - **ભીખુદાન ગઢવી**
- દુનિયામાં અત્યાચાર, અનીતિ, અધર્મ, અસમાધાન - આ બધાનું કારણ એ છે કે માનવી લોભી બની ગયો છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : રગતરોહિડાના મૂળ પાણીમાં ઉકાળી પીવાથી મૂઢમાર તથા ઈજાઓમાં વેદના શમન કરે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

લંડન યુનિવર્સિટીના હોલમાં ખગોળશાસ્ત્રીઓ, ખગોળવિજ્ઞાનના વિદ્યાર્થીઓ તથા ખગોળ વિજ્ઞાનના પ્રોફેસરો એક સેમિનારમાં ભેગા થયા હતા. એક સેશન પૂરું થયું અને પંદર મિનિટન વિરામ પડ્યો. એક પ્રૌઢ અને યુવાન જેઓ બાજુ બાજુમાં બેઠા હતા એમાં પ્રૌઢે યુવાનને કહ્યું, 'કેમ તમારે ચા-પાણી નાસ્તો કરવા નથી જવું ?' યુવાને કહ્યું, 'ના મને કોઈ એવી આદત કે વ્યસન નથી.' પ્રૌઢે કહ્યું. 'આપ શું કરો છો ?' કયાં સુધી અભ્યાસ કર્યો છે?'

યુવાને કહ્યું, 'મેં ખગોળશાસ્ત્રમાં અનુસ્નાતકની ડીગ્રી મેળવી છે, એન તમને ખ્યાલ નહીં આવે કે આ અભ્યાસ કેટલો કઠીન હોય છે.' યુવાને અહંકારમાં કહ્યું, 'સાહેબ' પ્રથમ વર્ગમાં હું ઉતીર્ણ થયો છું. અમારા વર્ગમાં હું પ્રથમ આવ્યો છું અને હવે હું ખગોળશાસ્ત્રમાં નિષ્ણાંત બની ગયો છું.'

પ્રૌઢે કહ્યું, 'વાહ, તમે ખરા મહેનતું છો તથા નસીબદાર પણ છો કે આવા ગંભીર ગહન વિષયમાં તમે પ્રથમ વર્ગમાં પાસ થઈને પારંગત બન્યા, ખૂબ મોટી વાત છે, ખગોળશાસ્ત્ર મને પણ ગે છે અને હું તો હજી ખગોળવિજ્ઞાનમાં પા-પા પગલી ભરી રહ્યો છું.' યુવાને ફરી પોતાના જ્ઞાનના અભિમાનનું પ્રદર્શન કરતા કહ્યું, 'ખગોળશાસ્ત્રનું જ્ઞાન તો વિશાળ સાગર જેવું છે અને એના અભ્યાસ માટે રાત દિવસ એક કરવા પડે ત્યારે અનુસ્નાતકની ડીગ્રી મળે.'

એટલીવારમાં બીજું સેશન શરું થયું અને સ્ટેશન પરથી નામ બોલાયું, 'હવે આપ સૌને સર આર્થર સી કલાર્ક ખગોળશાસ્ત્રની અવનવી શોધ પર બોલશે.' પેલા પ્રૌઢ ઊભા થઈ આને સ્ટેજ પર પહોંચ્યા અને યુવાન મુંગો મંતર થઈ ખગોળશાસ્ત્રના મહારથીને જોઈ જ રહ્યો.

ઉભય પક્ષે વિવેકપૂર્ણ વ્યવહાર જ અપેક્ષિત

તંત્રીસ્થાનેથી...

વિધાનસભામાં સક્રિયતા બતાવવી તે જુદી વાત છે અને એની કાર્યવાહી ખોરવી દેવી તો કદાચ વિપક્ષને મન એની સિદ્ધિ ગણાવી હશે પણ પ્રજા આવા હોબાળા કરનારાઓ પ્રત્યે બહુ આદરની નજરે જોતી નથી હોતી એ પણ વિપક્ષના ધારાસભ્યોએ સમજી લેવું જરૂરી છે. પ્રજા બહુ જ સમજણપૂર્વક પોતાનો ચુકાદો આપતી હોય છે. જાતિવાદ, મની અને મસલ પાવર કે સત્તા જેવાં તત્ત્વો જરૂર મતદાન પર અસર કરતાં હોય છે પરંતુ તે બધાંથી ઉફરું એક કોઠાસૂઝ પ્રેરિત ગણિત પણ પ્રજાના આચરણ પર અસરકારક નીવડ્તું રહ્યું છે. આ બાબત ગત વિધાનસભા ચૂંટણીમાં ઊંડીને આંખે વળગે યએ હદે અભિવ્યક્ત થતી જોઈ શકાય છે. એવું નથી કે પ્રજાને સત્તાધારી પાર્ટીની બધી જ બાબતો ગમે છે. પ્રજા એક નબળી નસ પારખી ગઈ છે. વિપક્ષ પ્રત્યે અત્યાર સુધી રહેલો અણગમો પણ મહંદશે ઓસરી ગયો છે. છતાં પ્રજાએ આટઆટલા ધુંઆધાર પ્રચાર અને રૂપિયાની તથા દારૂની રેલંછેલ વચ્ચે સત્તાધારી પાર્ટીને બહુ જ પાતળી બહુમતી સાથે રિપીટ કરી છે. જો સત્તાધારી પાર્ટીના ખેરખાં એમ સમજતા હોય કે પ્રજા એમની સાથે જ હતી અને છે તો એ શાહમૃગ વૃત્તિમાં રાચે છે એમ જ સમજવું રહ્યું. પ્રજાએ સત્તાધારી પાર્ટી અને વિપક્ષ વચ્ચે સંતુલન જળવાય એવો ચુકાદો આપી બેઉને અંતરનિરીક્ષણની તક આપી છે. વિપક્ષ માટે સત્તા બહુ દૂર નથી એવો સંદેશ આપ્યો છે જયારે સત્તાધારી પક્ષને એની અગણિત ભૂલો માફ કરીને સુધરવાની તક આપી છે. વિપક્ષના ધુરંધરોને પ્રજાએ ઘર ભેગા કર્યા છે એ પણ સૂચક છે. એનો અર્થ કે પ્રજાને હવે જૂનું પુરાણું વારસાગત નેતૃત્વ ખપતું નથી. હારેલા વિપક્ષી અગ્રણીઓ કોઈ ને કોઈ નેતાના હાથની કઠપૂતળીઓ હોવાનો વહેમ એમને નડ્યો છે. પ્રજા સ્વતંત્ર મિજાજના, પોતાની તાકાત પર ચૂંટાઈને પ્રજાના પ્રશ્નો ઉકેલી શકે એવા નવા નેતૃત્વની ખોજ કરી રહી છે. જો આવા નવા નેતૃત્વની અપેક્ષાએ ચૂંટાયેલા લવરમૂછિયા તરવરિયા આગેવાનો વિવેકભાન ભૂલી વિધાન સભાગૃહને મચ્છીબજાર બનાવી દેવામાં જ એમના નેતૃત્વની સફલતા ગણતા હોય તો તેઓ ભીંત ભૂલે છે. નરેન્દ્ર મોદી પાસે અનેક મર્યાદાઓ છતાં કંઈક એવી ખૂબીઓ હતી જેના કારણે તેઓ વિધાનસભામાં હેટ્રિક કરી શક્યા. એમનાં પેંગડામાં પગ ઘાલવાનું વર્તમાન નેતાગીરીનું ગજું નથી તે સત્ય ઉભય પક્ષે સ્વીકારવું જ રહ્યું. મોદી વિધાનસભાનો સામનો કરવાનું ટાળતા હતા છતાં વિપક્ષ એમનો વાળ વાંકો નહોતો કરી શકતો એ જ શું સૂચક નથી ?

હોળીની ઝાળની જેમ તેના હૈયામાં અગનજવાળાઓ ઉઠી

નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરના જાણીતા ડૉકટર કૌશલરાજ ગોસ્વામી પોતાની હોસ્પિટલમાં અસ્તવ્યસ્ત, વ્યગ્ર અને કંઈક ચિંતામાં બેઠા હતા. સંપૂર્ણ વાતાનુકૂલિત ઓરડો તેમના મનમસ્તિત્કને શીતળતા દઈ શકતો ન હતો. કેમ કે દૂર સુદૂર ભાણવડ શહેરમાં તેમનો પૌત્ર અસાધ્ય રોગ સામે લડી રહ્યો હતો. પૈસો પાણીની જેમ વહાવવામાં આવતો હતો. પણ પરિણામ દેખાતું ન હતું. હતાશા તેમને ચારે બાજુથી ઘેરીવળી હતી.

આ તરફ બહાર દર્દીઓની સંખ્યા વધવી જતી હતી. સૌ કોઈ પરેશાન હતાં કે ડૉકટરે હજુ સુધી દર્દીઓને અંદર બોલવવાનું શરુ કેમ નથી કર્યું. તેવામાં અચાનક ઘંટડી વાગી.

બારણા પાસે બેઠેલ મગન અંદર ભાગ્યો. 'પેશન્ટને અંદર મોકલ.'

એક પછી એક દર્દીઓ ડૉકટર પાસે જવા લાગ્યાં. તે દરેકની વાત સાંભળી તપાસતા જતા હતા. કયારેક કોઈને મોં ખોલાવી ટોર્ચથી અંદર જોતા તો કયારેક કોઈ દર્દીનો છાતી અને વાંસામાં સ્ટેથોસ્કોપ રાખી તપાસતા કોઈ દર્દીને સામે રાખેલ પલંગ પર સુવાડી પડદો બંધ કરી તપાસી પાછા આવીને પોતાની ખુરશી પર બેસી જતા અને લાંબી પૂછપરછ કરતા હતા.

૧૨.૩૫ થી ૨.૩૦ સુધી લગભગ આવું જ ચાલ્યું. તેઓ દરેક ત્રીજા દર્દીને જાત જાતના રીપોર્ટ કરાવી લાવવા માટે લખી આપતા હતા.

છેલ્લા પેશન્ટને બહાર જતાંની સાથે તેમનું ધ્યાન ઘડીયાળ તરફ ગયું. ઓહ ! કેટલો સમય નીકળી ગયો. દીકરા સાથે વાત કરી જોઉં. જોઉં તો ખરો કે ડૉકટરે તેને શું કહ્યું ?

તે હજુ વિચારતા હતા. ત્યાં તો ફોનની ઘંટડી રણકી ઉઠી ટ્રીન... ટ્રીન... ટ્રીન... તેમને ફોન ઉપાડ્યો. 'પપ્પા, સત્યની તબિયત એકદમ બગડી છે.ડૉકટરો એ હાથ ઊંચા કરી દીધા છે.' આજ મોટી હોસ્પિટલમાં બતાવ્યું. તેમણે અનેક પ્રકારના રિપોર્ટ કઢાવવાનું લખી આપ્યું છે હજુ દસ દિવસ પહેલાં તો એ બધા રિપોર્ટ કરાવ્યા જ છે. મને ખબર છે કે ઝાઝો કોઈ ફરક પડવાનો નથી છતાં શું કરું ? ડૉકટર ગોસ્વામી પોતાની પુત્રીનો કરુણ અવાજ સાંભળી વિહ્વળ થઈ ગયા. તેમણે કહ્યું, 'બેટી ચિંતા ન કર, હું કંઈક કરું છું. ડૉકટરની વાતને બહુ ગંભીરતાથી ન લેતો.' તે પોતાનો જ સ્વર સાંભળીને ગભરાઈ ગયા, 'ઓહ! હું આ શું બોલી ગયો...? હું પણ ડૉકટર છું. રીસીવર મુકી ખુરશીને જરા પાછળની તરફ ખસેડી જરા આરામની મુદ્રામાં લંબાવ્યું પણ ચૈન ન પડ્યું.'

એક ઝટકે તે ઊભા થઈ રૂમની બહાર નીકળ્યા. ગાડી સ્ટાર્ટ કરી અને ૮૦ની ઝડપે રસ્તા પર દોડાવવા લાગ્યા.

બપોરનો સમય હતો તેથી ટ્રાફિક જરા ઓછો હતો. પરંતુ ઉનાળાનો પ્રભાવ દેખાવા લાગ્યો હતો. કાળી ડામરની સડક પર દૂર જાણે પાણી ભર્યું હોય એમ ઝાંઝવાના જળ દેખાતાં હતા. સૂમસામ રસ્તે તેમની કાર પૂર ઝડપે દોડી રહી હતી. જેટલી કારની ઝડપ હતી તેનાથી વધુ તેમના વિચારોની ગતિ તેજ હતી. તેમાં અંતરાત્મામાંથી જાણે અવાજ આવ્યો. તેમનો આત્મા આજે તેમને પૂછી રહ્યો હતો. 'અરે, અત્યાર સુધી શું કરી રહ્યો હતો ?'જે એક પછી એક પંદર જેટલાં દર્દીઓ ને જાત જાતના રિપોર્ટ કરાવવાનું તેં લખી આપ્યું તેમાં શું એ બધાને વાસ્તવમાં તેની જરૂર હતી ખરી ?

કારમાં લાગેલા અરીસાને તેણે પોતાના હાથથી સરખો કર્યો. જો કે પોતાની જાત સાથે આંખ મિલાવવાનું સાહસ ન થયું. 'ખરેખર સાચું શું છે ?' ઈલાજ.. તપાસ કે રિપોર્ટ... વેપારીકરણ. તેણે મનમાં કંઈક નિશ્ચય કર્યો. આવતીકાલથી હવે એવું નહીં કરું. બસ હવે બિનજરૂરી, કારણ વગર કંઈ નહીં.

તેમણે ગાડીની ગતિ ધીમી પાડી. હાઈવે ઉપરથી જયાં વળાંક લેવાનો હતો તે સિંગલપટ્ટી રોડ દેખાયો. વળાંક લઈ ગાડીને એક લીમડાના ઘટાદાર વૃક્ષ નીચે ઊભી રાખી. ઠંડા પવનની એક લહેરખી આવી જે તેમને શાતા આપી ગઈ. તેમણે દૂર દૂર સુધી નજર દોડાવી. ધોમધખતાં તાપમાં ખેડૂતો ખેતરમાં કામ કરતા હતા. લીમડાની ડાળ પર બેઠેલ પંખી થોડી થોડી વારે ટહુકતું હતું. ફાગણમાં કેશુડો ખિલ્યો હતો.

તે વિચારવા લાગ્યા. જો આ બધાં પણ અમારી જેમ કરવા લાગે તો...

પૌત્રની બિમારીએ તેમની આંખો ખોલી દીધી હતી. અચાનક તેમની આંખમાંથી અશ્રુઓ નહીં પણ જાણે કે પશ્ચાતાપનું ઝરણું વહેવા લાગ્યું હતું. જે દર્દીઓ આ ધરતી પર ભગવાન પછી જેના પર સૌથી વધુ વિશ્વાસ મૂકે છે તેમની સાથે આટલો મોટો વિશ્વાસઘાત કઈ રીતે થઈ શકે. હોળીની ઝાળની જેમ તેમના હૈયામાં અગનજવાળાઓ ઉઠી હતી. ત્યાં સોમ ખેતરમાંથી એક નાનું બાળક દોડતું દોડતું આવતું દેખાયું તેને જોઈ ડૉકટર કૌશલરાજ ગોસ્વામીને પોતાનો પૌત્ર યાદ આવી ગયો તે જાણે રંગની પીચકારી લઈ દાદાને રંગવા માટે દોડતો આવી રહ્યો હતો. પૌત્રની યાદ આવતાં તેમણે ફરી ગાડી સ્ટાર્ટ કરી અને ગંતવ્ય તરફ પુરપાટ ઝડપે નીકળી પડ્યા. સૂરજ પશ્ચિમના આકાશ તરફ ઢળતા હવે બહાર ઠંડક પ્રસરી રહી હતી તો ડૉકટરને દિલોદિમાગમાં પણ ઠંડકનો અહેસાસ થઈ રહ્યો હતો.

ખાનદાની, સંસ્કાર, સદ્વ્યવહાર જન્મજાત હોય

ગુલમહોર
દિનેશ દેસાઈ

યોગીજી મહારાજ એક વાત કહેતા. એક રાજા દરબાર ભરીને બેઠા હતા, એવામાં કોઈ યુવાન પોતાને આજીવિકા માટે યાચના કરતો આવ્યો. રાજાએ તેને પુરા આદર સાથે સ્થાન આપીને પૃચ્છા કરી કે તેની લાયકાત અને અભ્યાસ કેવા પ્રકારનો છે અને કયું કામ કરી શકે છે.

યુવાને જવાબમાં કહ્યું કે ''મારામાં કોઈ પણ ગુંચ ઉકેલવાની ફાવટ છે. કોઈ પણ સવાલનો જવાબ હું આપી શકું. કોઈ પણ પ્રશ્ન હલ કરી શકું છું.''

રાજાને સાંભળીને થોડી નવાઈ તો જરુર લાગી. આમ છતા રાજાએ દયાદૃષ્ટિ રાખીને તેને પોતાના રાજવી ઘોડાર (તબેલા)ની સાર-સંભાળનું કામ સોંપ્યું. રાજાએ જોયું કે યુવાન રાજદરબારના રાજવી ઘોડાઓની સારી રીતે સાર-સંભાળ રાખી રહ્યો છે. સમય જતા રાજાએ પોતાના એક માનીતા ઘોડાની નસ્લ વિશે આ યુવાનને પુછી જોયું.

પ્રત્યુતરમાં યુવાને જણાવ્યું કે ''તમને જેણે પણ ઘોડાની નસ્લ કહી છે એ ખરી નસ્લ નથી. તમને સાચી હકીકત કહ્યા વિના ઘોડો વેચવામાં આવ્યો હોય એમ છે.''

આ સાંભળીને રાજાએ પોતાના મંત્રી અને મુખ્ય અશ્વપાલને બોલાવીને તપાસ કરાવવા કહ્યું તો યુવાનની વાત સાચી પડી. આખરે રાજાને જાણવા મળ્યું કે ઘોડાની નસ્લ તો બરાબર છે પરંતુ તેને જન્મ આપીને તુરંત તેની મા મરી ગઈ હતી. આથી તેના પાલકે તેને ગાય પાસે રાખ્યો હતો અને તે ગાયને ધાવીને ઉછર્યો હતો.

રાજને એ વાતની નવાઈ લાગી રહી હતી કે આ યુવાનને આવી બધી વાતની કઈ રીતે ખબર પડતી હશે. રાજાએ પોતાની જિજ્ઞાસા સંતોષવા યુવાનને આ સવાલ પુછી જ લીધો.

યુવાને જવાબમાં કહ્યું કે ''રાજન, સામાન્ય રીતે ઘોડા ઘાસને મ્હોંમાં લીધા બાદ મોંઢું ઊંચું કરી લેતા હોય છે અને પછી એ ઘાસને ચાવતા હોય છે. આ ઘોડો તો ઘાસ મ્હોંમાં લીધા પછી પણ ગાયની માફક મોંઢું નીચું રાખીને જ ઘાસ ચાવતો અને વાગોળતો હોય છે. આથી મને તેની નસ્લ ઉપર સંદેહ થયો.''

રાજા તો યુવાનની બુદ્ધિ-કૌશલ્યથી પ્રસન્ન થઈ ગયો અને તેને અનાજ, ઘી-તેલ, માંસાહાર માટે ઘેટાં-બકરાં વગેરે ભેટમાં આપ્યાં. રાજાને હવે મનમાં એક વાતની ચટપટી થવા લાગી હતી. રાજાને પોતાની રાણી વિશે જાણકારી મેળવવાની ઈચ્છા થઈ આવી અને યુવાનને આ વિશે પણ પુછી જ લીધું.

> **દરેક વ્યક્તિના વ્યવહારમાંથી તેની ખાનદાની ઝળકતી હોય છે. વ્યક્તિના અન્યો સાથેના વ્યવહારમાંથી તેના માતા-પિતા અને પરિવારના વારસાગત સંસ્કાર પ્રગટ થતા હોય છે. જો વ્યક્તિ જન્મે ઊચ્ચ કૂળમાંથી આવતી હોય પરંતુ અન્ય લોકો સાથેનો વ્યવહાર તોછડાઈભર્યો હોય તો એ જન્મજાત ઊણપ જ હોઈ શકે.**

યુવાને રાજાને કહ્યું કે પોતે જવાબ તો આપી શકે છે, પરંતુ સાંભળીને પોતાને નોકરીમાંથી કાઢી મૂકવામાં નહીં આવે એવું અભયવચન આપવામાં આવે. રાજાએ યુવાનને વચન આપ્યું કે તે સાચામાં સાચો જવાબ કોઈ ડર રાખ્યા વિના આપે.

યુવાને રાજાને કહ્યું કે ''હે રાજન, રાણીનો વ્યવહાર અને પ્રભાવ તો રાણી જેવો જ રાજવી ઢબનો છે. આમ છતા તેઓ રાજવી કૂળનાં યા રાજકુમારી નહોતાં.''

આ સાંભળીને રાજા તો ગુસ્સે ભરાયા પણ સમસમીને બેસી રહ્યા. કેમ કે તેઓએ ખુદ યુવાનને અભયવચન આપ્યું હોવાથી કશું કરી શકે એમ નહોતા. અલબત્ત તેઓએ પોતાના વિશ્વાસુ મંત્રીને દૂત તરીકે પોતાના શ્વસુર પક્ષના રાજનગરમાં મોકલાવ્યા અને રાણી સાસુને પોતાના નગરમાં તેડાવ્યા. રાજાએ પોતાના રાણી સાસુને એકાન્તમાં તેમની દીકરી યાને પોતાની રાણી વિશે પુછી જ લીધું.

આખરે રાણી સાસુએ ખુલાસો કરતા કહ્યું કે ''તમને કઈ રીતે સંશય થયો એની તો મને ખબર નથી પણ વાત સાચી છે કે આ દીકરી મારા ખોળે અવતરી નથી. વાસ્તવમાં મારે જે દીકરી જન્મી તેની સાથે તમારી સગાઈ નક્કી કરી નાખવામાં આવી હતી પણ મારી દીકરી જન્મ પછી છ મહિનામાં જ તો બીમારીના કારણે મૃત્યુ પામી હતી. આથી પરિવારની કટોકટી અને આબરુ સાચવી લેવા મેં અને રાજાએ છ મહિનાની ઉંમરની જ એક છોકરીને દત્તક લઈ લીધી હતી. જે રાજવી કૂળની નહિ પરંતુ સામાન્ય પરિવારની છે. આ વાતની હજુ સુધી તો કોઈને ખબર પડી નથી અને સમગ્ર વાત ગુપ્ત જ રાખવામાં આવી હતી. અમારી દત્તક દીકરી જ તમારી સાથે પરણાવી જે તમારી રાણી છે.''

રાજા આ સાંભળીને તો આશ્ચર્યચકિત થઈ ગયો. પોતાની સાથે સામાજિક પરિવેશમાં શું બની ગયું હતું એનો ભૂતકાળ યાદ કરતા કરતા રાજાએ હવે યુવાનને પુછ્યું કે ''તને કઈ રીતે ખબર પડી કે રાણી રાજવી કૂળનાં નથી.''

આ સાંભળીને યુવાને જવાબ આપ્યો કે ''રાજકૂળ યાને રાજપરિવાર કે ખાનદાન પરિવારમાંથી આવતા લોકોનો અન્ય તમામ લોકો સાથેનો વ્યવહાર અત્યંત નમ્રતાપૂર્ણ અને શાલિનતાપૂર્ણ હોય છે, એવો વ્યવહાર રાણીમાં જોવા મળતો નથી. તેઓ હર કોઈ સાથે તોછડાઈપૂર્વક અને અપમાનિત કરનારી ભાષામાં જ વાત કરતા હોય છે.''

યુવાનનો જવાબ સાંભળીને ફરી એક વાર રાજાએ ખુશ થઈને તેને અનાજ, ઘી-તેલ, ઘેટાં-બકરા વગેરે ઈનામમાં આપ્યાં.

દરેક વ્યક્તિના વ્યવહારમાંથી તેની ખાનદાની ઝળકતી હોય છે. વ્યક્તિના અન્યો સાથેના વ્યવહારમાંથી તેના માતા-પિતા અને પરિવારના વારસાગત સંસ્કાર પ્રગટ થતા હોય છે. જો વ્યક્તિ જન્મે ઊચ્ચ કૂળમાંથી આવતી હોય પરંતુ અન્ય લોકો સાથેનો વ્યવહાર તોછડાઈભર્યો હોય તો એ જન્મજાત ઊણપ જ હોઈ શકે. એક ઉક્તિ છે કે ''હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.'' જે વ્યક્તિ જન્મજાત મહાન કૂળ અથવા સંસ્કારી પરિવારમાંથી આવે છે તે પોતે પોતાની જ પ્રશંસા કે આપવડાઈ કરે નહિ.

એક દિવસ રાજાએ પેલા યુવાનને બોલાવીને પૂછ્યું કે ''તું આટલું બધું જ્ઞાન ધરાવે છે અને વિચક્ષણ બુદ્ધિવાન છે તો હવે મારા વિશે પણ કંઈક કહે.''

યુવાને ફરી એક વાર રાજા પાસે અભયવચન માગ્યું કે પોતાનો જવાબ સાંભળીને તેઓ ગુસ્સે ભરાઈને પોતાને કોઈ સજા કે મૃત્યુદંડ

અનુસંધાન પાના નં. ૭ પર

બલમ પીચકારી...!! ખજૂર ધાણીને મારો ગોળી, પકોડા-વેફરની આવી લારી...!!

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

'અલ્યા, આ વખતે હોળીનું નારિયેળ કોને બનાવશે ?' વનવગડામાં આવેલા ફાર્મ હાઉસમાં રાહુલ બાબાએ હોળીની ઉજવણી રાખી હતી અને સૌ પોતપોતાના ટોળામાં રંગે રમી અલગ-અલગ ચર્ચાએ ચઢ્યાં હતા. 'નમો ન હોય ને ? નીમો એ પંજાબ બેંકનું કરી નાખ્યું એટલે રાહુલ બાબા ફોર્મમાં છે.' ઠેકઠેકામે સ્ટેટમેન્ટ આપે છે. જયારથી પ્રમુખ બન્યા છે ત્યારથી વિરોધ નિયમિત કરે છે.' આટલુ કહીને એ ટોળકી 'બુરા ન માનો હોલી હૈ' કરતી ઈટાલીયન ફૂડ કાઉન્ટર તરફ વળી ગઈ. ત્યાં ડીજે પર 'ચાર ચાર બંગડી વાળી ઑડી લઈ દઉં...' ગીત વાગ્યું અને ટીકીટમાં કપાયેલા કાર્યકર બોલ્યા, 'આ પેલા ત્રણ તોફાની વાંદરાઓ ઑડી આપવાની વાત થાય છે.'

અને બળાપો કાઢતાં એ ટોળામાં અપાયેલી - કપાયેલી ટીકીટ અને એમાં ખોયેલી સત્તાનો અફસોસ હતો. વિકાસને ગાંડો કર્યો અને નાત-જાતમાં ફાટફુટ કરાવી, અનામતના ગાજર સુધી બધું બરાબર કર્યા બાદ પણ પેલા આયાતી બબાલીયાઓ પાર્ટીની વાત વગાડી દીધી એમ બબડતાં બટાકાં વડા ઝાપટતાં હતા. 'હોળી તો પદ્માવતી ફિલ્મની પણ ના કરાવી? ગુજરાતમાં તો રિલીઝ ના કરાવી વટ પાડ્યો ને ?' 'અલ્યા, એ તો કરણીસેનાની કરામત હતી, એમાં આપણી પાર્ટી કયાં આવી ?' 'હા, એ બધું જવા દે પણ એ તો કહો જમવામાં શું છે ? આ ઈટાલીયન સ્ટારટરમાં આપણને લોચા પડે છે, સમજવામાં અને ખાવામાં.'

'બટાકાનું રસાવાળું શાક, બટાકાના ભજીયા, સુપ સાથે બટાકાની ફ્રેંચ ફ્રાય, બટાકાની સુકી ભાજી, બટાકાનો શીરો....'

'અલ્યા બધું જ બટાકાનું ?' શું તમે પણ ભાંગ પીને બટાકા બાફો છો ? એક કામ કરો, આમાં તો ગેસ થઈ જશે, આપણે સામેની પાર્ટી પ્લોટમાં જઈએ, ત્યાં વેરાયટી હશે...'

બહાર નીકળતા જોયું તો માલ્યા, લલીત મોદી, નિરવ મોદી, માયાવતી, અખિલેશ... બધાં ટ્રકો ભરી બટાકા સાથે હાજર હતા...

'અરે ! રાહુલ બાબા પાસે મશીન છે ને ?' બટાકા નાખો સોના નીકાલો.' હવે આજે કરી નાખ્યું છે તો સોનું કાઢીને ભરપાઈ તો કરવી પડશે ને ?' આ ગુજરાતના ખેડૂતો હવે બટાકા વાવીને, ભાવ ગગડાવીને ઝંપશે એવું લાગે છે. બધા પાર્ટી ફંડ માટે પણ હવે કેશલેસ થઈને બટાકા આપે છે, જેને જેટલું સોનું બનાવવું હોય બનાવી લે... એમ કહેતા પેલા સામેના પાર્ટી પ્લોટે પહોંચી ગયા.

ભવ્ય સેટ, ઝાકમઝોળ, રેડ કાર્પેટ અને વચ્ચે કીચડવાળું તળાવ, હોળી રમવા અનેક રંગો, પિચકારી, પ્રચારના પોસ્ટરો, હોળી હતી કે કોઈ કોર્પોરેટર કાર્યક્રમ? નક્કી કરવું અઘરું... વેલકમ ડ્રીકમાં 'ચા' અને ચર્ચા કરવા મખમલી સોફા, સ્ટારટરમાં ગરમાગરમ પકોડા, સર્વ કરવા માટે ભક્તોની પડાપડી, મહેમાન આવ્યા નથી કે ડીશ લઈને હાજર, પછી તરત ફોટો પડાવવાનો અને સોશિયલ મીડિયા પર અપલોડ કરવાનો...

> **આંખો ચોળી રડવાનું શું ?**
> **ખોટી વાતો કરવાનું શું ?**
> **સંયમ છે જો તારી પાસે ?**
> **ચોરે ચૌટે ભસવાનું શું ?**
> **તારી વાતો હોય ગમે તે,**
> **તારી વાદે ચડવાનું શું ?**
> **હસવાથી જો વાંધો હો તો !**
> **રડવા સાથે કરવાનું શું ?**
> **- પ્રાર્થના જહા**

'હોળી રમવા કેસુડાની જગ્યાએ કમળના ફુલ ?'

'હાસ્તો, વળી, આખા દેશમાં કમળની બોલબાલા છે, તો હોળીમાં પણ સાહેબને ગમે એવાં એટલે કે કમળના ફુલ જ હોય છે ને ?

હરતા-ફરતા નજરે આવ્યું કે અહીં તો અંબાણી, અદાણી, બચ્ચન, સચિન, ભાગવતની સાથોસાથ ટ્રમ્પ, નેતન્યાહુ, આરબ શેખ પણ હોળી રમવા આવ્યા હતા. 'જોયું, આપણો પેલા જોકરો સાથે દોસ્તી કરે અને એમની દોસ્તી જુઓ ? કેવા-કેવા મોટા ગજાના લોકો હોળી રમવા આવ્યાં છે ?' 'એય વેઈટર, મેનુમાં શું છે?'

'જુઓ મેથીના ગોટા, બટાકાના ભજીયા, દાળવડાં, મરચાનાં ભજીયા, શક્કરીયાના ભજીયા...' 'અલ્યા ખાલી ભજીયા જ ભજીયા? ત્યાં પેલો બટાકાની પાછળ પડ્યો છે અને આ અહીં ભજીયા પાછળ... પંજાબી પકોડા છે ?' 'એ તો પેલો નીરવ મોદી ખાઈ ગયો...' એમ બોલતા પેલો ભાગી ગયો. એક ભક્તના હાથમાં પકોડાનું પડીકું હતું. એણે ખાવાનું ચાલુ કરતા નજર પડી તો એક 'ખાનગી' કાગળમાં કોઈ ભજીયા આપી ગયેલું, એણે એ તેલવાલો કાગળ વાંચવો શરૂ કર્યો... રેડ એલર્ટ...કેપ્ટન નીમો નામનો ડાયમંડ કિંગ મુંબઈની એક બેંકના અગિયાર હજાર કરોડની લૂંટ કરી ફરાર તઈ ગયો છે. દેખાવે હેન્ડસમ, સૂટબૂટ અને ક્લીન શેવ, જેને મળે એ પકોડાની લારી પર લઈને આવે, યોગ્ય ઈનામ આપવામાં આવશે સાથે પકોડા (બટાકાના) વિશેષ ઈનામ....

'ડિયર ઓનરેબલ નમોજીભાઈ, નાના ભાઈ નીમોના શત - પ્રતિશત પ્રણામ. પત્ર લખવાનું કારણ કે બીઝનેશમાં લોચો થવાથી હું ઈન્ડિયા છોડીને અરજન્ટમાં વિદેશ ગયો છું. તમને કહ્યું નહીં એ માટે સૉરી. પણ શું કરું ? આ કરી નાંખવામાં ટાઈમ જ ન મળ્યો. તમારો નાનો ભાઈ છું, માફ કરજો, તમારું દિલ તો છપ્પન ઈંચ મોટું છે. ઓળખાણ પડી ને ? આપણે ડાવોસમાં સાથે હતા, ફોટો કવરમાં છે, જોઈ લેજો.'

જો હું રહ્યો હીરાનો વેપારી. બેંકમાંથી પૈસા ઉપાડી કાચા હીરા ખરીદવા, એને પેલ પાડી ઘરાંકના ગળે પહેરાવવાના (સમજી ગયા ને?) એ મારો પોતાનો બિઝનેશ, હું ફોરેન આવ્યો ત્યારે ખબર પડી કે મારા નામની બહુ બબાલ છે. હવે તમે જ કહો બેંકમાંથી રૂપિયા કાઢવા એ કંઈ ગુનો છે ? માર્ગદર્શન આપો, તમે તો એક્સપર્ટ છો. હા, ખાલી પકોડા તળવાનું ના કહેતા. તમને વાંધો ના હોય તો રાહુલ બાબા પાસે બટાકા નાંખી સોનું કાઢવાનું મશીન છે, થોડી સોનાની વૅફર બનાવી લઉં ? આપણાં બંનેની અટક સરખી છે, કેવો યોગાનુયોગ છે ?

ડિયર નિરવ મોદી... તારો કાગળ મળ્યો, અટક સરખી હોય એટલે દેશન